# <u>ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.</u>

## <u>અખબારી યાદી</u>

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે સરકારશ્રીના શિક્ષણ વિભાગના તા.૨૫/૦૬/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક-મશબ/૧૨૧૯/૫૫૦/છ અનુસાર ધોરણ-૧૦ બાદ I.T.I. નો બે વર્ષ કે તેથી વધુ સમયનો માન્યતા પ્રાપ્ત કોર્ષ ચાલુ વર્ષે પૂર્ણ કરેલ હોય અને તે માટેની N.C.V.T કે G.C.V.T ની આગામી જુલાઇ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં લેવાનાર પરીક્ષામાં ઉપસ્થિત થનાર હોય તેવા વિદ્યાર્થીઓ જો H.S.C સામાન્ય પ્રવાહ પૂરક-૨૦૨૦ ની પરીક્ષામાં અંગ્રેજી(૦૧૩)/અંગ્રેજી(૦૦૬) વિષય માટે ઉપસ્થિત થવા માંગતા હોય તો તેવા વિદ્યાર્થીઓએ તા.૧૩/૦૭/૨૦૨૦ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકથી તા.૨૩/૦૭/૨૦૨૦ ના રોજ સાંજે ૧૭:૦૦ સુધીમાં રહેઠાણથી નજીકની કોઇપણ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સાથે જોડાયેલી સામાન્ય પ્રવાહની ઉચ્ચતર માધ્યમિક શાળા મારફતે <u>www.gseb.org</u> અથવા <u>hscexamreg.gseb.org</u> પરથી ઓનલાઇન આવેદનપત્ર ભરવાનું રહેશે.

આ સાથે સામેલ નિયત નમૂનાનું બોનાફાઇડ સર્ટીફીકેટ તેઓ જે I.T.I સંસ્થામાં ભણતા હોય તે સંસ્થામાંથી મેળવી ધોરણ-૧૦ ની માર્કશીટ અને એલ.સી ની નકલ સાથે શાળામાં જમા કરાવવાનું રહેશે. <u>આવા વિદ્યાર્થીઓ માટેની H.S.C પુરક-૨૦૨૦ ની પરીક્ષા માટેના બોનાફાઇડ સર્ટીફીકેટનો નિયત નમૂનો આ સાથે સામેલ છે.</u> પરીક્ષાર્થીઓએ આવેદનપત્ર ભરવા માટે શાળાને જે માહિતી જોઇએ તે નિયત નમૂનામાં આપવાની રહેશે. આવેદનપત્ર ભરવા અંગેની સુચનાઓ વેબસાઇટ પર મુકવામાં આવેલ છે શાળાઓએ તેનો અભ્યાસ કરી જરૂરી ડોક્યુમેન્ટ વિદ્યાર્થી પાસેથી મેળવી અપલોડ કરી આવેદનપત્ર ભરવાનું રહેશે.

**<u>ચાલુ વર્ષની N.C.V.T કે G.C.V.T ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ જ H.S.C પુરક-૨૦૨૦ ની પરીક્ષામાં ઉપસ્થિત થઇ શકશે તેમજ માત્ર અંગ્રેજી(૦૧૩) વિષય માટે જ લેવામાં આવશે. અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓ ઇચ્છે તો ૦૧૩(અંગ્રેજી દ્વિતિય ભાષા) અથવા ૦૦૬(અંગ્રેજી પ્રથમ ભાષા) બંન્નેમાંથી કોઇ પણ એક વિષયની પરીક્ષા આપી શકશે. આવેદનપત્રમાં દર્શાવેલ વિષય મુજબનું પ્રશ્નપત્ર આપવામાં આવશે જેની ખાસ નોંધ લેશો.</u>**

<u>ખાસ નોંધ</u>:-

૧) કન્યા વિદ્યાર્થીઓ અને દિવ્યાંગ વિદ્યાર્થીઓએ ફી ભરવાની રહેતી નથી જ્યારે કુમાર વિદ્યાર્થીઓની ફી રૂ.૧૪૦/- રહેશે.

૨) અગાઉ ITI પાસ થયેલા વિદ્યાર્થીઓ પુરક-૨૦૨૦ પરીક્ષા માટે પાત્ર રહેશે નહી. ફકત ચાલુ વર્ષ જુલાઇ-સપ્ટેમ્બર-૨૦૨૦ માં છેલ્લા સેમેસ્ટર/વર્ષમાં ITI પરીક્ષા માટે ઉપસ્થિત થનાર વિદ્યાર્થીઓ જ પાત્ર રહેશે.

૩) બોર્ડની કચેરી ખાતે રૂબરૂ/ટપાલથી કે ઓફલાઇન આવેદનપત્રો ભરી શકાશે નહી.

(ડૉ. અવનીબા મોરી)

નાયબ નિયામક (પરીક્ષા)

ગુજરાત માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,

ગાંધીનગર

તારીખ:-૦૯/૦૭/૨૦૨૦

સ્થળ :- ગાંધીનગર